# :: જા હે રા ત ::

સરકારી મેડીકલ કોલેજ, ભાવનગર ખાતે ટુંક સમયમાં શરૂ થનાર ૩૮મો લેબોરેટરી તથા એકસ-રે ટેકનીશયન એક વર્ષના તાલીમી અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે **તા.૩૦/૦૬/૨૦૨૫ થી તા.૧૧/૦૭/૨૦૨૫ સાંજના ૬:૦૦ વાગ્યા** સુધીમાં નીચે દર્શાવ્યા પ્રમાણેની શૈક્ષાણિક લાયકાત તથા યોગ્યતા ધરાવનાર ઉમેદવારો પાસેથી ઓફલાઇન અરજી મંગાવવામા આવે છે. ઓફલાઇન અરજી કરતી વખતે ધ્યાનમાં રાખવાની સુચનાઓ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગરની વેબસાઇટ **http://gmcbhavnagar.edu.in (Recent Update)** પર મુકવામાં આવેલ છે. પ્રવેશ મેરીટના આધારે આપવામા આવશે.

**(૧) શૈક્ષણિક લાયકાત**: -

**(અ) લેબોરેટરી ટેકનીશીયન માટે**: - બી. એસ. સી. કેમેસ્ટ્રી, બાયોકેમેસ્ટ્રી, માઇક્રોબાયોલોજી, બાયોટેકનોલોજી વિષયના ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે. આ સિવાયના વિજ્ઞાનના વિષયોમાં બી.એસ.સી. કરેલ વિધાર્થીઓ પણ ઓનલાઈન ફોર્મ ભરી શકશે.

**(બ) એકસ-રે ટેકનીશીયન માટે**: - માન્ય યુનિવર્સિટીની બી.એસ.સી. પરીક્ષાા પાસ કરેલ વિધાર્થીઓ પણ ઓનલાઈન અરજી કરી શકશે. (ફીજીકસ વિષયના ઉમેદવારોને પ્રથમ પસંદગી આપવામાં આવશે.)

**(૨) ઉંમર**: - જાહેરાતની તારીખના રોજ ૧૮ થી ૨૫ વર્ષની અંદર હોવી જરૂરી છે. એસ.ટી. /એસ.સી./ઓ.બી.સી. અનામત વર્ગના ઉમેદવારોને સરકારશ્રીના પ્રવર્તમાન નિયમાનુસાર વયમર્યાદામાં છુટછાટ આપવામાં આવશે.

સરકારશ્રીના પ્રવર્તમાન નિયમો મુજબ કુલ બેઠકોમાંથી અનામત કક્ષામાં આવતી કેટેગરીમાં આવતાં ઉમેદવારો તથા વિકલાંગો માટે નિયમાનુસાર બેઠકો અનામત રાખવામાં આવશે.

પસંદગી પામેલ ઉમેદવારને અત્રેની કોલેજમાં તાલીમ આપતા વિભાગોમાં પુરા સમય માટે તાલીમ લેવાની રહેશે. તાલીમનો સમય પુરો થશે એટલે નિયમ મુજબ પરીક્ષા પાસ કરવાની રહેશે. તાલીમાર્થીને રહેઠાણની સુવિધા આપવામાં આવશે નહી.

પ્રવેશ માટે અરજી ફોર્મ સરકારી મેડીકલ કોલેજ, ભાવનગરની વેબસાઇટ **http://gmcbhavnagar.edu.in (Recent Update)** પર મુકવામાં આવેલ છે. લેબોરેટરી ટેકનિશ્યન તેમજ એકસ-રે ટેકનિશ્યન બન્નેમાં ઉમેદવારી નોંધાવનારને બન્ને ફોર્મ તેમજ ફી અલગ-અલગ ઓફલાઈન ભરવાની રહેશે. પસંદગી યાદી ઉપરોકત વેબસાઇટ ઉપર મુકવામાં આવશે, જેથી ઓફલાઇન અરજી કરેલ ઉમેદવારે સમયાંતરે વેબસાઇટ જોતાં રહેવું.

સરકારશ્રીના વખતો વખતના ઠરાવમાં થયેલ સુધારા વધારા દરેક ઉમેદવારને બંધનકર્તા રહેશે.

ડીન,
સરકારી મેડીકલ કોલેજ,
ભાવનગર.